# ફાગણ વદ પક્ષ, તહેવારોનો કક્ષ

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ફાગણ સુદ પૂનમ અહીં હળાષ્ટક સમાપ્ત થાય છે. હોળીનું પ્રાગટય, દહન અને મહત્ત્વ આપણે સમજી ગયા છીએ પણ ફાગણ માસનો વદ પક્ષ બહુ જ આનંદ આપનારો છે. ફાગણ પૂનમની હોળી સળગે છે. લોકો હોળીના ગોળાકારમાં લોટામાંથી જલધારા વહાવીને પ્રદક્ષિણા કરે છે. હોળીમાં શ્રીફળ હોમે છે અને જમણા હાથની મુઠ્ઠી વાળીને હોઠો પર મૂકી જોરથી બૂમો પાડે છે. હોલિકે, માતે! સદ્દબુદ્ધિ, સત્ વિચાર દે. પરોપકાર અને પરમાર્થના વિચારો આપ. ષડરિપુઓનો ત્યાગ થવા દે. એવી પ્રાર્થના લોકો કરે, બૂમો દ્વારા અશ્લીલતા, અભદ્રતા, અર્વાચ્યપણું અસભ્ય વર્તન શરીર અને મનમાંથી કાઢી નાંખવાનો- ફેંકી દેવાનો માણસનો યોગ્ય પ્રયત્ન છે. હોળીની જવાળામાં સર્વ અશુભ, અવેધ્ય અને દૂષિતનો નાશ થાય છે. હોળીને પૂરણપોળીનો નેવૈદ્ય હોય છે. હોમેલા શ્રીફળના પ્રસાદ સાથે જુવાર, બાજરાની ગરમ ધાણી, જલેબીનો પ્રસાદ ગ્રહણ કરીને દર્શનાર્થી પાવન, પવિત્ર બને છે.

‘હોળી રે હોળી! મિત્રોની ટોળી! ગાઈએ ભજન સંગીતની તોડી!’ હાથ જોડી હોળીને વન્દન! હોળીપૂજન અગ્નિની પૂજા છે.



હોળી પછી ધૂળેટી, ધુલીવંદન એક સર્વોપરિચિત માટી અને ધૂળમાં રમવાનો આનંદોત્સવી કાર્યક્રમ. બાળકો હોળીની શાંત થયેલ રાખોડી એકબીજાના શરીરે લગાડે છે. બેનો વાસણોમાં પાણી ભરીને હોળીના અગ્નિથી પાણી ગરમ કરીને બાળકોને નવડાવે છે. પુરુષો અભ્યંગ સ્નાન કરીને ગૃહદેવતાની પૂજા કરીને હોળીની ભસ્મ કપાળે લગાવીને પવિત્ર બને છે.

બીજો દિવસ એટલે ફાગણ વદ દ્વિતીયા ‘તુકારામ બીજ.’ પંઢરપુરના વિઠ્ઠલદેવના ભકત તુકારામ મહારાજ સંતશિરોમણિ તરીકે પ્રસિદ્ધ છે. ગરીબ પણ મમતાળુ, દયાળુ અને પરોપકારી સંત હતા. દસ હજાર ભજનોનો ‘તુકારામગાથા’ ગ્રંથ છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, ગીતા, રામાયણ, મહાભારત અને સહિષ્ણુ સંત મહાત્માનું વર્ણન એમના અભંગમાં આવે છે. વારકરી પંથના તે અગ્રગણ્ય સંત છે. એમની સતપ્રવૃત્તિ, નિષ્કામ યોગનીતિ જોઇને ભગવાન શ્રી વિષ્ણુ સ્વયં રથ લઈને આવ્યા અને સંત તુકારામજીને સદેહે વૈકુંઠમાં લઇ ગયા છે. એવા પાંડુરંગના સેવક તુકારામ મહારાજને શત શત વંદન.

વસંતોત્સવના પ્રારંભ વદ પખવાડે થાય છે. આમ્રવૃક્ષ પલ્લવિત થાય. મોર આવવાથી ઘટાદાર બને છે. આંબો તો ફળોનો રાજા કહેવાય. આંબાવાડી સુવાસથી મહેકી ઊઠે છે. સ્વરાષ્ટ્ર સંસ્થાપક હિન્દુ ધર્મ સનાતન પ્રિય છત્રપતિ શિવાજી મહારાજની તિથિ પ્રમાણે ફાગણ વદ તૃતીયાના દિવસે શિવજયંતી છે અને શિવ જયંતીની ઉષ્માભેર ઉજવણી સર્વત્ર થાય છે. મનુષ્યમાત્રમાં સદ્દભાવ હો, ધર્મ કા વિજય હોની ગર્જના ગુંજી ઊઠે છે.

ફાલ્ગુન વદ પાંચમ શ્રી પાંચમના નામથી ઉજવાય છે. મિષ્ટાન્નનું ભોજન, અન્નદાન અને સદાચારથી દિવસ પસાર થાય છે. ફાગણ વદ છઠ, એકનાથ ષષ્ટિ નામે પ્રચલિત છે. સંત એકનાથજીનું ‘એકનાથ ભાગવત’ પ્રસિદ્ધ ધાર્મિક ગ્રંથ છે. એકનાથ મહારાજ સંત પ્રણાલિકામાં શ્રેષ્ઠ સંતપુરુષ તરીકે પ્રસિદ્ધ હતા. એકનાથ મહારાજ સંસ્કૃતના પંડિત વિદ્વાન બ્રાહ્મણ હતા. એમની એક જીવદયાભાવધર્મની દરેકને સ્પર્શે એવી કથા છે.

પવિત્ર યાત્રા સ્થાન દર્શન યાત્રામાં સંત એકનાથ મહારાજ હતા. કાશીક્ષેત્રની ગંગા-ગંગાજલ ઘટમાં ભરીને લઇ દક્ષિણમાં શ્રી રામેશ્વર શિવલિંગ પર ગંગાતીર્થનો અભિષેક કરવો એક મહાપુણ્યનો ભાગ છે. યાત્રાળુઓએ પોતપોતાના ઘટમાં કાશીનું ગંગાજળ ભરી લીધું અને હવે યાત્રાળુસંઘ રામેશ્વર પાસે આવ્યો હતો. રસ્તામાં ગરમ રેતનો પ્રદેશ આવ્યો. રેતના કણ ગરમીથી ઉષ્ણ બન્યા હતા અને આગળ એક ચોગાનમાં ગધેડાનું એક

**ફાગણ વદ છઠ, એકનાથ ષષ્ટિ નામે પ્રચલિત છે. સંત એકનાથજીનું ‘એકનાથ ભાગવત’ પ્રસિદ્ધ ધાર્મિક ગ્રંથ છે**

નાનું બચ્ચું મોં વકાસીને પાણી માટે ટળવળતું હતું. પાણી માટે તે મરણપ્રાય પ્રયત્ન કરીને આંખો તાણીને પડ્યું હતુ અને ત્યાં એકનાથ મહારાજ પાણીનો ઘટ લઈને ઊભા હતા. ગધેડાના બચ્ચાની ગંભીર હાલત જોઈને એકનાથ મહારાજનો જીવ અદ્ધર થયો. ઘટમાંનું કાશીનું ગંગાજળ, રામેશ્વરનું મહાદેવનું લિંગ અને ટળવળતું ગધેડાનું નિર્દોષ બચ્ચું એમની આંખ સામે ફરવા લાગ્યા. અનેક યાત્રાળ આગળ વધ્યા. બેચાર ઊભા રહ્યા અને એકનાથ મહારાજ પોતાનો કાશીના ગંગાતીર્થ જળનો ભરેલો ઘટ ગધેડાના ખુલ્લા મોઢામાં ધાર ધરીને રેડવા લાગ્યા જાણે મહાદેવના લિંગ પર અભિષેકની ધારા ધરી છે. પાણી પીવાથી ગધેડાનું બચ્ચું જાણે જીવિત થયું અને ઊભું રહ્યું અને એકનાથના પગ ચાટવા લાગ્યું. સાથી યાત્રાળુ એકનાથને મૂર્ખ કહીને આગળ વધ્યા. એકનાથ મહારાજ બોલ્યા, ‘‘મારાથી જ ખરેખરનો કાશી ગંગાનો જલાભિષેક થયો છે’’ અને બચ્ચું ચાલવા માંડયું. એવા જીવદયાવાદી હતા એકનાથ મહારાજ.

---

# શ્યામ પિયા મોરી રંગ દે ચુનરિયા

પંચામૃત
નીલાક્ષી પરીખ

હોળી નજીક જ છે ત્યારે હોળીના રંગમાં રંગાવાનું કોને ન ગમે? હોળી આપણને સૌને કહી રહી છે- ‘રંગાઈ જાને રંગમાં’ હોળીની કલ્પના કરતાં જ નટખટ કનૈયા સંગ હોળી ખેલતાં ગ્વાલ બાલ અને ગોપીઓનું વૃંદ નજર સમક્ષ આવે. હોળી પ્રેમનો સંદેશ લઈને આવે. કોઈ વિચારકે સાચું જ કહ્યું છે કે- ‘રંગો વગરના સંસારની કલ્પના કરવી જ મુશ્કેલ છે. પરમાત્માએ આ પ્રકૃતિમાં અગણિત રંગો પૂર્યા છે. એ રંગોને નિહાળવા પરમાત્માએ આપણને આંખો આપી છે. ‘નાની મારી આંખ એ તો જોતી કાંક કાંક એ તો કેવી અજબ જેવી વાત છે. એ રંગોને જોઇને પ્રસંન્નતા અને આનંદની અનુભૂતિ કરવા પ્રભુએ ચેતના આપી. દુનિયાના સૌથી મોંઘા કેમેરા પણ મર્યાદિત છે, પણ આંખો અદ્દભુત છે! આંખો આપી મનને અવર્ણનીય સુખ પહોંચાડવા માટે ઈશ્વરે પ્રકૃતિમાં અગણિત રંગો વેર્યા. આજે જ્યારે સજાવટી કલર બનાવનાર કંપનીઓ કોમ્પ્યુટરથી મિક્સ કરી જુદા જુદા શેડના રંગો બનાવે છે તેનાથી લાખ ઘણા લોભામણા રંગ પરમાત્માએ પોતાની પીછીંથી પૃથ્વીના કણ-કણમાં ભરી દીધા છે. રંગોની અભિલાષા જ્યારે સામાજિક અને સામુહિક બની જાય છે ત્યારે હોળી આવે છે. હોળી વિવિધરંગી, રંગોની આરાધનાનો એક સામાજિક તહેવાર છે. લોકો પરસ્પર એકબીજાને જુદા રંગોથી રંગે છે. માણસ પોતાની જાતને રંગોથી રંગીન બનાવી પ્રકૃતિની વધારે નજીક આવી તન અને મનને પણ રંગી લે છે. સાચા અર્થમાં પ્રકૃતિ સાથે એક રંગ થવાની કામનાને મૂર્તિમંત રૂપ આપવાનો એક અવસર એટલે હોળી. હોળી સાથે જોડાયેલી પ્રહલાદ અને હોલિકાનું સ્મરણ તો દરેકને હશે જ. રંગોના આ પર્વનો આરંભ દુનિયાના જો કોઈ દેશથી થઈ હોય તો તે ભારત છે. આપણા ઋષિઓએ ધર્મની સાથે વિજ્ઞાનને પણ વણી લીધું છે. કફ દૂર કરવા ધાણી ચણા ખાવાની વાત દ્વારા આરોગ્ય સાચવણીની વાત પણ કરી છે તો હોલિકા દહન એ વાતનું પ્રતીક છે કે માણસ પોતાના મનમાં ખરાબ વિચારો હોળીમાં હોમી દે. જેથી મન નિર્મળ બનશે. ભક્ત પ્રહલાદની જેમ આગની અંદર તપી શુદ્ધતા પ્રગટ થશે. ધૂળેટીએ એકબીજાને ગુલાલ છાંટવો એ સામાજિક સંવાદિતા અને ભાઈચારાનું પ્રતીક છે. આ દિવસે મતભેદ ભૂલી પ્રેમથી એકબીજાને અપનાવવાનો સંદેશ છે. આપણે જીવનને ઉત્સવ અને ઉત્સાહથી ભરી દીધું છે. ઋતુ આધારિત ઉત્સવો ઉજવી તાજગી સભર બનવાનો પ્રયાસ કરવો જ રહ્યો. હોળી દરેક ધર્મના લોકો ઉજવે છે. આબાલ વૃદ્ધ સૌ એમાં ભીંજાય છે. આ ઉત્સવનો મૂળમાં તો હિરણ્યકશ્યપ, હોલિકા અને પ્રહલાદ છે. પ્રહલાદ શબ્દની વ્યુત્પત્તિ જોઇએ તો ‘પ્રકૃષ્ટ આહલાદ એટલે પ્રહલાદ’. મતલબ છીછરો આનંદ નહીં, પણ ઉમદા રીતે આનંદ આપે તે પ્રહલાદ. ફાગણની મસ્તી અને ગ્રીષ્મ ઋતુના પ્રવેશનો ઉત્સવ છે. રંગો સાથે તે રંગાયેલો છે.

સફેદ :- સફેદ રંગ સાત્વિકતાનો રંગ છે. હોળી રમીએ ત્યારે શ્વેત વસ્ત્ર મહત્ત્વના છે. મન પણ વસ્ત્ર છે, તન તો વસ્ત્ર છે જ ‘વાંસાસિ જીર્ણાનિ’ આત્મા પણ વસ્ત્ર છે. સાધક સાધન કરતાં કરતાં એ વસ્ત્રને ધોઈ નાખે છે. પીળો :- પીળો રંગ મતલબ રાધા રાનીનો રંગ. રાધા માટે કંચનવર્ણી રાધિકા કહેવાયું છે. શ્રી રાધાજી ઠાકુરજી અંગીકાર કરે તે માટે યોગ્ય બનાવે.



ભૂરો કે નીલો :- ભૂરો કે નીલો રંગ એ આસમાનનો રંગ છે. સમંદરનું પાણી પણ નીલા રંગનું કહેવાય, હોતું નથી, દેખાય છે. કેમ? નીલિમા યુક્ત. એ નીલિમાને નિહાળવાનો આનંદ જ કંઈ ઓર છે. ભગવાનની ભક્તિ, પ્રેમની પણ કોઈ સીમા નથી. પીળા પર નીલો રંગ ઓર ખૂબસૂરત લાગશે. બધા જ બંધન, મર્યાદા તૂટશે. પ્રેમમાં મર્યાદા નથી જેમ નદીમાં પૂર આવે અને કિનારાને તોડે. આમ તો મર્યાદા તોડવું સોભનીય નથી, પણ આ તો જાણે ગોપી અને ગોપીને આપણે ખરાબ નથી કહેતા ઉલટુ એ તો છે પ્રેમ મંદિરની ધજા! શ્રીકૃષ્ણ પ્રેમને કારણે આ શક્ય બને વળી રાધારાની વિઝા આપે તો! સંકોચ, ભય, મર્યાદા હોળીના રંગમાં વિઘ્નરૂપ છે. એટલે નીલા રંગ અસીમતા અને નિર્મળતાના રંગમાં રંગાવાનું આવશ્યક છે.

લીલો રંગ :- નીલો અને પીળો ભેગો કરીએ તો બને લીલો રંગ લીલો રંગ રાધાકૃષ્ણનું અકૈય બતાવે. રાધાજીનું એક નામ છે - હરા. હરે-સીતા, રાધા. લીલો રંગ પ્રકૃતિનો છે. લીલા ખેતર, હરિયાળા વૃક્ષ, લીલું ઘાસ લીલી લતા એના પર ખીલેલું પુષ્પ મન મોહી લે. લાલ રંગ :- જીવનનો રંગ ઉત્સાહ, પ્રેમ, અનુરાગનો રંગ, આપણું લોહી પણ લાલ. પરામ્બા ભગવતીનું તિલક પણ લાલ. લાલ પુષ્પથી પરામ્બા ભગવતીની પૂજા થાય. માતારાનીની ચુનરી પણ લાલ. રાધા રાની સફેદ વસ્ત્ર પર પહેલા પીળો પછી નીલો અને પછી કિશોરીજી લાલ રંગ છાંટે. એ ઉત્સાહ, ઉમંગનું પ્રતીક છે. ક્રોધનો રંગ પણ લાલ ને પ્રેમનો રંગ પણ લાલ! રક્તલાલ અનુરોક્ત- પ્રેમ પણ લાલ. કિશોરીજી લાલ રંગ છાંટે પણ પોતાનો પ્રેમ છાંટે.

**હોલિકા દહન એ વાતનું પ્રતીક છે કે માણસ પોતાના મનમાં ખરાબ વિચારો હોળીમાં હોમી દે. જેથી મન નિર્મળ બનશે. ભક્ત પ્રહલાદની જેમ આગની અંદર તપી શુદ્ધતા પ્રગટ થશે**

ગુલાબી :- આ રોમાંસનો રંગ છે. મધુરા ભક્તિપ્રિયા-પ્રીતમની વાત છે. આમાં દેહભાવની ગંધ નથી વાસ્તવમાં જ્યાં સુધી દેહભાવ છે, ગોપીભાવ ન આવે.

ઓરેન્જ :- ભગવો રંગ એ વૈરાગ્યનો, અગ્નિનો રંગ છે. જ્ઞાનની અગ્નિમાં સંન્યાસીએ પોતાના શરીરને જલાવીને રાખ કરી દીધું છે. આ તો રંગ પર્વ છે. અલગ-અલગ રંગને ઉમંગ સાથે શ્રીકૃષ્ણ સાથે હોળી રમવાનો આનંદ જ ન્યારો છે, પ્યારો છે. આપણે સૌ કૃષ્ણપ્રેમના રંગમાં રંગાઈએ, સરાબોર થઈએ સદૈવ આનંદ, ઉમંગ ઉત્સાહથી પરિપૂર્ણ બનીએ. મીરાનું ભજન સ્મરણ થાય કે- શ્યામપિયા મોરી રંગ દે ચુનરિયા, ઐસી રંગ દે કિ રંગ નહીં છૂટે ધોબિયાં ધોએ ચાહે યે સારી ઉમરિયા. શ્યામ પિયા લાલના રંગાઉં મૈં હરી ના રંગાઉ, અપને હી રંગમે રંગ દે ચુનરિયા. શ્યામપિયા - બિના રંગાયે મૈં તો ઘર નહીં જાઉંગી બીત હી જાયે ચાહે સારી ઉમરિયા - શ્યામ પિયા! (પૂ.રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)